# મોદી અને જિનપિંગ વચ્ચે શિખર મંત્રણા

નવી દિલ્હી,તા. ૧૮

ભારતની ઐતિહાસિક યાત્રાના બીજા દિવસે ચીની પ્રમુખ શી જિનપિંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આજે નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે



ઐતિહાસિક શિખર બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન બંને દેશોએ ૧૨ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. સાથે મળીને કામ કરવા બંને દેશો રાજી થયા હતા. બંને દેશો વચ્ચે થયેલા કરારો અંગે વાત કરતા મોદીએ કહ્યું હતું કે, કૈલાશમાનસરોવર યાત્રા માટે એક નવો રસ્તો ખોલવામાં આવશે. બંને દેશો વચ્ચે રેલવે, સ્પેશ, કસ્ટમ સહિત ૧૨ ક્ષેત્રોમાં સમજૂતિ થઈ હતી. ચીન મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવશે. શાંઘાઈની જેમ જ મુંબઈના વિકાસને પ્રાથમિકતા અપાશે. ભારત અને ચીન પરમાણુ સહયોગના ક્ષેત્ર ઉપર પણ વાતચીત કરશે. મોદીએ સંયુક્ત નિવેદનમાં કહ્યું હતું કે, સરહદ ઉપર ચીન તરફથી થઈ રહેલી ઘુસણખોરી અંગે ચીની પ્રમુખ સમક્ષ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ઘણા વર્ષોથી વાસ્તવિક અંકુશરેખાની જે ગુંચવણ છે તે દૂર થવી જોઈએ. બંને નેતાઓએ શિખર બેઠક બાદ સંયુક્ત નિવેદન પણ જારી કર્યું હતું જેમાં બંને નેતાઓએ વાતચીતમાં કયા મુદ્દે ચર્ચા થઈ તે અંગેની માહિતી આપી હતી. એક બાજુ ચીને આગામી પાંચ વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૨૦ અબજ ડોલરનું રોકાણ કરવાની કટિબદ્ધતા દર્શાવી હતી. બીજી બાજુ મોદીએ સરહદ ઉપર શાંતિ જાળવી રાખવાની સ્પષ્ટ વાત કરી હતી. સાથે સાથે વાસ્તવિક અંકુશરેખાને વધુ સ્પષ્ટ બનાવવાની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો અને કહ્યું હતું કે, આનાથી પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા આવશે. ચીની સૈનિકોની ઘુસણખોરીનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. ચીની પ્રમુખે ચીનની મુલાકાત લેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સત્તાવારરીતે આમંત્રણ આપ્યું હતું. ચીની પ્રમુખે ભારત સાથેની વેપાર અસમતુલાને દૂર કરવાની પણ વાત કરી હતી. અગાઉ શિખર બેઠક શરૂ થઈ હતી. જેમાં ચીની સૈનિકોની ઘુસણખોરીનો મુદ્દો પણ છવાયો હતો. વાતચીત શરૂ થયા તે પહેલા જિનપિંગે કહ્યું હતું કે ભારત અને ચીન વચ્ચે મિત્રતા બન્ને દેશોના હિતમાં છે. આજે તેમની યાત્રાના બીજા દિવસે મોદી અને જિનપિંગ વચ્ચે મંત્રણા યોજાઈ હતી. જેમાં વેપાર અને આંતરરાષ્ટ્રીય મુદ્દા પણ છવાયા હતા. સવારે જિનપિંગ રાજઘાટ ખાતે પહોંચ્યા હતા અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને અંજલિ આપી હતી. ચુમુર ક્ષેત્રમાં ચીની સૈનિકોની ઘુસણખોરી વચ્ચે મોદી અને જિનપિંગ વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. અગાઉ જિનપિંગ ભારત પ્રવાસના ભાગરૂપે ગઈકાલે બપોરે પ્રથમ વખત ગુજરાત પહોંચ્યા હતા.

વિમાની મથકે તેમનું લાલ જાજમ બિછાવીને પરંપરાગતરીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યા બાદ ચીની પ્રમુખ સીધા હોટલ હયાત જવા રવાના થયા હતા. ચીની પ્રમુખના ત્યારબાદ એક પછી એક કાર્યક્રમો શરૂ થયા હતા. ગઈકાલે અમદાવાદ પહોંચ્યા બાદ ચીની પ્રમુખ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના આશ્રમ ગાંધી આશ્રમ ખાતે પહોંચ્યા હતા જ્યાં તેમની સાથે નરેન્દ્ર મોદી પણ રહ્યા હતા. જિનપિંગની સાથે ચીની પ્રતિનિધિમંડળના સભ્યો અને મિડિયાના સભ્યો પણ પહોંચ્યા હતા. જિનપિંગની સાથે પ્રતિનિધિમંડળનો વિશાળ કાફલો પણ પહોંચ્યો છે. ગઈકાલે બપોરે ૨.૪૦ વાગે એર ચાઈનાના બોઈંગ ૭૪૭ મારફતે જિનપિંગ અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા હતા. જ્યાં તેમનું પરંપરાગતરીતે સ્વાગત કરવામાં આવ્યું હતું અને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.હોટલમાં કરારો પણ થયા હતા. પ્રથમ દિવસ મોટા ભાગે અમદાવાદમાં રહ્યા બાદ મોડી સાંજે તેઓ દિલ્હી પહોંચ્યા હતા.જિનપિંગ અને મોદી વચ્ચે આજે યોજાયેલી હૈદરાબાદ હાઉસ ખાતેની વાતચીત પર વિશ્વની નજર કેન્દ્રિત રહી હતી.જેમાં અનેક મુદ્દા પર ચર્ચા થઈ હતી.

### ચીન ૨૦ અબજ ડોલરનું જંગી રોકાણ કરશે

## શિખર બેઠક : હાઈલાઈટ્સ

ચીની પ્રમુખ શી જિનપિંગ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે હૈદરાબાદ હાઉસમાં શિખર બેઠક થઈ હતી. આ શિખર બેઠક બાદ બંને નેતાઓએ સંયુક્ત નિવેદન પણ જારી કર્યું હતું જેમાં તમામ મહત્વની બાબતોને આવરી લેવામાં આવી હતી. ભારત અને ચીન બંને દેશો વચ્ચેના સંબંધોને વિશ્વાસ સાથે નવી ઉંચાઈ ઉપર લઈ જવા સહમત થયા હતા. મોદી અને જિનપિંગ વચ્ચે સંયુક્ત નિવેદન સંબંધિત હાઈલાઈટ્સ નીચે મુજબ છે.

- ચીન આગામી પાંચ વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૨૦ અબજ ડોલરનું જંગી રોકાણ કરશે
- ચીન સાથે થયેલી ૧૨ સમજૂતિમાં રેલવે, સ્પેસ અને કસ્ટમ સહિત જુદા જુદા ક્ષેત્રોની સમજૂતિનો સમાવેશ થાય છે
- મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવાશે
- આરોગ્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં નવી સમજૂતિ કરાઈ છે
- ભારત અને ચીન વચ્ચે પરમાણુ સહકાર ઉપર પણ વાતચીત આગળ વધશે
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં રોકાણ કરવા ચીનને આમંત્રણ આપવામાં આવ્યું છે. બે ચીની ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ભારતમાં બનાવવામાં આવશે
- મોદીએ કહ્યું કે, સરહદ ઉપર ભારત અને ચીન સંબંધોમાં શાંતિ જરૂરી છે. જો સરહદ ઉપર શાંતિ રહેશે તો બંને દેશો વધારે વિશ્વાસ સાથે કામ કરી શકશે. અંકુશ રેખાને સ્પષ્ટ કરવાની જરૂર છે આનાથી શાંતિ અને સ્મૃદ્ધિ તથા સ્થિરતા આવશે
- મોદીએ કહ્યું કે, નાથુલા વાયા કૈલાશમાનસરોવર માટે નવો રસ્તો શરૂ કરવામાં આવશે. જિનપિંગ આ મુદ્દે સહમત થયા છે
- શાંઘાઈની જેમ મુંબઈને વિકસિત કરવામાં આવશે
- ચીની પ્રમુખે કહ્યું કે, ભારત અને ચીન મલ્ટીપોલાર વર્લ્ડમાં બે ચાવીરુપ દેશો છે. બંને દેશો એક સમાન વિકાસના ઉદ્દેશ્ય ધરાવે છે
- જિનપિંગે ચીનની સત્તાવાર મુલાકાત લેવા નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું
- ચીને કહ્યું કે, ભારત સાથેની વેપાર ખાધને દૂર કરવા તરફ ધ્યાન અપાશે
- બંને દેશો બંને દેશોમાંથી ૧૦૦૦૦ વિદ્યાર્થીઓની મુલાકાત માટે રાજી થયા
- બંને દેશો વચ્ચે સરહદી વિવાદને ઉકેલવા ભારત સાથે મૈત્રીપુર્ણ મંત્રણા યોજવા ચીન તૈયાર છે

## ચીનની દાદાગીરી : ચુમારમાં ઘુસણખોરીથી તંગદિલી વધી

નવી દિલ્હી,તા. ૧૮

ભારતીય સરહદમાં ચીની ઘુસણખોરીના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. સરહદ પર ચીની સૈનિકોની દાદાગીરી જોવા મળી રહી છે. ચીની સૈનિકોની ફરી એકવાર ઘુસણખોરી થયા બાદ ભારતે પણ વધુ સંખ્યામાં જવાનોને ચુમાર ક્ષેત્રમાં મોકલ્યા હતા. હવે બંને દેશોના હજારો સૈનિકો ચુમારમાં આમને સામને છે. એક બાજુ ચીને વધુ સૈનિકો ઘુસાડ્યા છે. બીજી બાજુ ભારતે પણ આ વિસ્તારમાં વધુ જવાનો મોકલ્યા છે. તંગ સ્થિતિ ઉભી થઈ છે. હવે લડાખના ચુમાર ક્ષેત્રમાં ફરી ચીની સૈનિકો ઘુસી ગયા છે. થોડાક દિવસ પહેલા ચીની ઘુસણખોરી બાદ ઉભી થયેલી સ્થિતી પર ચર્ચા કરવા માટે બન્ને દેશોની ફ્લેગ મિટિંગ યોજાઈ હતી. સુત્રોએ કહ્યું છે કે કેટલાક ચીની સૈનિકો મંગળવારના દિવસે ફરત ફર્યા હતા અને એવી શક્યતા હતી કે બાકીના સૈનિકો પણ પરત જતા રહેશે. પરંતુ સુત્રોના કહેવા કહેવા મુજબ ચીનના પીપલ્સ લિબરેશન આર્મીના આશરે ૧૦૦ જવાન ચુમાર વિસ્તારમાં ફરી આવ્યા છે. હવે તેમની સંખ્યા વધીને ૫૦૦ થઈ ગઈ છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે ચીની પ્રમુખ શી જિનપિંગ હાલ ભારતની યાત્રાએ છે. જિનપિંગ ભારતની યાત્રાએ પહોંચે તે પહેલાજ ઘુસણખોરી કરી હતી. સુત્રોએ કહ્યું છે કે ભારતે પણ વિસ્તારમાં કેટલાક વધારે સૈનિકોને રવાના કરી દીધા છે. બન્ને પક્ષો બેનર ડ્રીલમાં લાગેલા છે. દરમિયાન ચુમારમાં ઉભી થયેલી સ્થિતિ પર આજે ચર્ચા કરવામાં આવી હતી. ચુમાર સેક્ટરમાં બન્ને દેશોના સૈનિકો આમને સામને છે. સુત્રોએ કહ્યું છે કે ચુસુલમાં સૈન્ય પ્રહરી સ્થળ ખાતે બ્રિગેડિયર સ્તરની ફ્લેગ બેઠક યોજાઈ હતી. જે બેઠકમાં ડેમચેક વિસ્તારમાં ચીની નાગરિકોની ઘુસણખોરીના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. જો કે ફ્લેગ બેઠક ફ્લોપ રહી હતી. બન્ને બક્ષો ફરી ટુંક સમયમાં બેઠક યોજે તેવી શક્યતા દેખાઈ રહી છે.


## તિબેટ ભારતની સમસ્યા છે : દલાઈ લામા

નવીદિલ્હી,તા. ૧૭

ચીની પ્રમુખ શી જિનપિંગ ભારતની યાત્રાએ છે ત્યારે તિબેટના ધાર્મિક ગુરુ દલાઈ લામાએ આજે કહ્યું હતું કે, ચીની પ્રમુખની વિચારધારા વધુ વાસ્તવિક છે. તેમણે વિવિધ મુદ્દાઓ ઉપર વાત કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, ચીન અને ભારતે સરહદી મુદ્દા ઉપર વાતચીત કરીને સમસ્યાઓને ઉકેલવી જોઈએ. દલાઈ લામાએ આજે કહ્યું હતું કે, ભારત અને ચીનના સરહદી વિવાદને પાસ્પરિક સમજ મારફતે ઉકેલી શકાય છે. તિબેટ ભારતની સમસ્યા છે. ભારતની સમસ્યાને ઉકેલવા માટે ભારત પ્રયત્નશીલ પણ છે. લાંબા સમયથી અટવાઈ પડેલા તમામ પ્રમુખની જ્યારે વાતચીત ચાલી રહી હતી ત્યારે તિબેટના વિદ્યાર્થીઓએ દેખાવ કર્યા હતા. દલાઈ લામાએ યાદ અપાવતા કહ્યું હતું કે, ૧૯૫૦થી પહેલા ઉત્તરીય સરહદ ઉપર એક પણ જવાન રહેતા ન હતા પરંતુ હવે સ્થિતિ તંગદિલીપૂર્ણ બની છે. દલાઈ લામાના નિવેદનને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. દલાઈ લામા ૧૯૫૯થી ભારતમાં રહે છે. દલાઈ લામાને લઈને ચીને હંમેશા ભારત ઉપર દબાણ વધાર્યુ છે. આ કારણસર પણ બંને દેશો વચ્ચે તંગદિલી રહી છે. ૭૯ વર્ષીય દલાઈ લામાએ ચીની પ્રમુખને એક વાસ્તવિક વિચારધારાવાળા નેતા તરીકે ગણાવીને તેમની પ્રશંસા કરી હતી. હુ જિન્તાઓની સરખામણીમાં જિનપિંગ વધુ અસરકારક નીતિ ધરાવે છે. બંને દેશો વચ્ચે વિશ્વાસ અતિમહત્વપૂર્ણ છે. નોબેલ જીતી ચુકેલા દલાઈ લામા સ્વતંત્રતા મળી ત્યાં સુધી ચીનમાં તિબેટની સ્વાયતતાના સમર્થક રહ્યા હતા. બીજી બાજુ ચીન દલાઈ લામા ઉપર તેની સામે સમગ્ર દુનિયામાં પ્રચાર કરવાનો આક્ષેપ કરે છે. દલાઈ લામાને લઈને ચીનમાં હંમેશા વિવાદ રહ્યો છે.

### હૈદરાબાદ હાઉસની બહાર જોરદાર દેખાવો

હૈદરાબાદ હાઉસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ શી જિનપિંગ વાતચીત કરી રહ્યા હતા ત્યારે તિબેટના દેખાવકારો દ્વારા જોરદાર દેખાવો કરવામાં આવ્યા હતા. હૈદરાબાદ હાઉસની બહાર ચીન વિરોધી સૂત્રોચ્ચાર પણ તિબેટના દેખાવકારો દ્વારા કરવામાં આવ્યા હતા.




તિબેટિયન દેખાવકારોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરીને તંગદિલી ઉભી કરી હતી. દિલ્હી પોલીસે આંદોલન કરી રહેલા તિબેટના કેટલાક દેખાવકારોની અટકાયત પણ કરી હતી. આ દેખાવકારો દ્વારા જુદા જુદા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. તિબેટના મુદ્દે દલાઈ લામા પણ મુદ્દો ઉઠાવી ચુક્યા છે. સવારે ૧૧.૪૫ વાગ્યાની આસપાસ દેખાવકારો ઈમારતના ગેટ નંબર ત્રણ ઉપર પહોંચી ગયા હતા અને સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. પોલીસે તેમને શાંત પાડવાના પ્રયાસ કર્યા હતા. જો કે, તેઓ શાંત થયા ન હતા. પોલીસ સાથે પણ તેમની ઝપાઝપી થઈ હતી. થોડાક સમય માટે સ્થિતિ તંગ બની ગઈ હતી. તિબેટની મહિલાઓ દેખાવમાં જોડાઈ હતી.

## કૈલાશ માનસરોવર યાત્રા માટે નવો રસ્તો શરૂ કરાશે

નવીદિલ્હી, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીની પ્રમુખ સમક્ષ મિત્રતાની દૃષ્ટિએ કેટલાક મુશ્કેલ વિષય ઉપર પણ ચર્ચા કરી હતી. આ ઉપરાંત જે સમજૂતિ થઈ છે તે અંગે પણ માહિતી આપી હતી. ભારત, ચીન, મ્યાનમાર મુદ્દે પણ ચર્ચા થઈ હતી. ચીન સાથે થયેલી સમજૂતિ અંગે વાત કરતા મોદીએ કહ્યું હતું કે, કૈલાશ માનસરોવર શ્રદ્ધાળુઓ માટે મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. સિક્કિમમાં નાથુલાથી એક નવો રસ્તો બનાવવામાં આવશે જે ઉત્તરાખંડ વર્તમાન રૂટ કરતા અલગ રહેશે. આ નવા રસ્તાની શરૂઆત થયા બાદ ઉંમર લાયક શ્રદ્ધાળુઓને ફાયદો થશે. વધારે શ્રદ્ધાળુ કૈલાશ માનસરોવરમાં જોડાઈ શકશે. વરસાદની સિઝનમાં પણ આ રસ્તાને કોઈ તકલીફ નહી થાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે. મોદીએ કહ્યું હતું કે, ચીની પ્રમુખે શ્રદ્ધાળુઓને વધુ સુવિધા આપવાના મુદ્દા ઉપર ખાતરી આપી છે. જેના કારણે ભારતના તમામ લોકો તરફથી તેઓ ચીનના પ્રમુખનો આભાર માને છે. આવનાર દિવસોમાં શ્રદ્ધાળુઓને રાહત થશે.

## સમાચાર ઝલક

- શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે ભારત માટે અનુકુળ વાતાવરણ સર્જ્યું છે : રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી.
- સુરતમાં ખાનગી ગોળીબાર અને અથડામણ.
- અલગતાવાદી નેતા યાસીન મલિક રાહત કાર્ય માટે આવેલી નૌકા લઈને છુમંતર.
- ફિલ્મી અભિનેત્રી સોનાલી બેન્દ્રેના ભાઈ અને કાકાનું અકસ્માતમાં મોત.
- કાશ્મીરમાં ભયંકર રોગચાળો ફાટી નીકળવાની દહેશત.
- નાઈજિરિયામાં મકાન ધરાશાયી થતાં ૬૭નાં મૃત્યુ.
- વિશ્વમાં ૧૦૦ અબજપતિ સાથે છઠ્ઠું સ્થાન ધરાવતું ભારત.
- બોક્સર મનોજકુમાર કોર્ટ દ્વારા અર્જુન એવોર્ડ લઈને જંપ્યો. હવે એશિયન ગેમ્સમાં પ્રતિનિધિત્વ કરશે.
- ગાઝિયાબાદમાં પતિ મોબાઈલ પર વાત કરતો રહેવાથી પત્નીએ ગુસ્સામાં લાત મારતાં પતિ ૧૨ ફૂટ ઊંચાઈથી પટકાયો.
- વૈશ્વિક સ્તરે ઘઉંના ભાવ પાંચ વર્ષના તળીયે. ૨૨ ટકાનું ગાબડું પડયું.
- તારક મહેતાના ઉલ્ટા ચશ્મા સિરિયલના ૧૫૦૦ એપિસોડ પૂર્ણ.
- માઓવાદી નેતા ઉર્ફે ગણપતિની જાણ કરનારને ૨ કરોડથી વધુ રકમનું ઈનામ જાહેર કરાયું.
- ફ્રેન્ચ અભિનેતા ગેરા ડીપાર્ડીયુ દરરોજ ૧૨ બોટલ દારૂ પી જાય છે.
- ગુજરાતના સીરામીક-કેમીકલ-ફાર્મા-પ્લાસ્ટીક-ગ્લાસ ઉદ્યોગને ચીન તરફથી ખતરો હોવાનો ભય.
- ઈસ્લામિક સ્ટેટ સામે લડવા ભૂમિદળ મોકલાશે - અમેરિકન પ્રમુખશ્રી બરાક ઓબામા.
- કેન્દ્રીય કર્મચારી વર્ગ ૩-૪ માટે એડહોક બોનસ જાહેર કરાયું.
- મા આશાપુરા મંદિર તરફ દેશભરમાંથી પદયાત્રીઓનો પ્રવાહ શરૂ થયો.
- ૨૦ હજાર જૈન બંધુઓ વિશ્વ શાંતિ માટે બે કરોડ નવકાર જાપમાં ૧૦ કરોડ વાર નમો પદનું રટણ કરશે.
- ફિલ્મ અભિનેત્રી પ્રિયંકા ચોપડા પડકારરૂપ રોલ કરવા ઈચ્છુક રહે છે.
- જાતિય સતામણી કરનારને મહિલા વકીલે આધુનિક ટેક્નોલોજીની મદદથી ઝડપાવ્યો.
- તા. ૨૭મીએ હાથીયો નક્ષત્ર બેસતું હોવાથી વરસાદના યોગ બનવાનો સંભવ છે.

## અમેરિકામાં ૧૦ દિન પહેલા જ મોદીનો શો હાઉસફુલ થઈ ગયો

વોશિંગ્ટન,તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મહિનામાં જ અમેરિકાની ઐતિહાસિક યાત્રાએ જઈ રહ્યા છે ત્યારે તેમની યાત્રાને લઈને અમેરિકામાં ભારતીય સમુદાયના લોકોમાં જોરદાર ક્રેઝ છે. ૧૦ દિવસ પહેલા જ યુએસમાં મોદીના શોની ટીકીટો બુક થઈ ચુકી છે. હવે આ શોમાં ભાગ લેવા ઈચ્છુક અને મોદીને સાંભળવા ઈચ્છુક લોકોને ઓનલાઈન સાંભળવાની ફરજ પડશે. આયોજકોએ તમામ ટીકીટ વેચાઈ ગઈ હોવાની આજે જાહેરાત કરી હતી. ટાઈમ્સ સ્કેવર ઉપર વિશાળ સ્ક્રીન મુકવામાં આવી છે. આયોજકોએ સ્ક્વેરની ચારેયબાજુ મોટા સ્ક્રિન મુકવાની પણ જાહેરાત કરી છે. આયોજકોના પ્રવક્તા આનંદ શાહે કહ્યું છે કે, આ ઈવેન્ટમાં ભાગ લેનાર લોકોની યાદી તૈયાર કરવામાં આવી છે. જેમાં અમેરિકાના ડઝનથી વધુ લો-મેકર્સ સામેલ રહેશે. અંતિમ યાદી ટૂંક સમયમાં જ તૈયાર કરી લેવામાં આવશે. મોદી દેશના વડાપ્રધાન બનીને અમેરિકા પહોંચી રહ્યા છે. ૩૦ હજારથી વધુ લોકોએ મોદીના ઈવેન્ટમાં ભાગ લેવા માટે અરજી કરી હતી. આ અરજી સમગ્ર અમેરિકામાંથી છે. પરંતુ તેમને નિરાશા હાથ લાગી છે. ૧૮ હજાર લોકોને ભાગ લેવા માટે ટીકીટ મળી છે. તમામ ટીકીટ ફ્રીમાં છે. આ તમામ ટીકીટ ઈન્ડિયન અમેરિકન ઓર્ગેનાઈઝેશનના માધ્યમથી આપવામાં આવી છે.આયોજકોએ આજે જાહેરાત કરી હતી કે નરેન્દ્ર મોદી ન્યુયોર્કમાં આઈકોનિક મેનહટ્ટન સ્થળ મેડિસન ગાર્ડન ખાતે એક કાર્યક્રમમાં ભાગ લેનાર છે.આયોજકોએ કહ્યું છે કે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે લોકો પહેલાથી ઉત્સુક દેખાઈ રહ્યા છે. દસ દિવસ પહેલા જ તમામ ટિકિટ વેચાઈ જતા સાબિત થાય છે કે મોદીને લઈને અમેરિકમાં જોરદાર ક્રેઝ છે. આયોજકોએ કહ્યું છે કે જે લોકો ટિકિટથી વંચિત રહી ગયા છે તે લોકોને હતાશ થવાની જરૂર નથી. કારણ કે ઈવેન્ટને ઓનલાઈન જોઈ શકાશે. આ સ્થળ પર મોટા ભાગે રોક સ્ટાર, રાજકારણી અને પોપ કાર્યક્રમ યોજે છે. અહી ૨૦૦૦૦ લોકો બેસી શકે છે. નરેન્દ્ર મોદી અમેરિકામાં ભરચક કાર્યક્રમ ધરાવે છે. મોદી અમેરિકી કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધવાની યોજના પણ ધરાવે છે. મોદીને ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારે અમેરિકાના વીઝા આપવામાં આવ્યા ન હતા. મોદીની સામે અમેરિકાએ વાંધો ઉઠાવ્યો હતો. જો કે તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ અમેરિકાએ વીઝા અંકુશ દુર કરી દીધા છે.

### રીઝર્વ બેંક દ્વારા કેટલાક નિયંત્રણો લદાયા છે

## હવે ફ્રી યુઝ પર મર્યાદા બાદ એટીએમ બિઝનેસને અસર

મુંબઈ,તા. ૧૮

ફ્રી યુઝ પર કેટલાક નિયંત્રણો લાદી દેવામાં આવ્યા બાદ એટીએમ બિઝનેસ મોડલને મોટો ફટકો પડી રહ્યો છે. તારણમાં આ મુજબની બાબત સપાટી પર આવી છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર દ્વારા હાલમાં એટીએમમાં ફ્રી ટ્રાન્ઝેક્શનની સંખ્યા પર મર્યાદા મુકી હતી. જેથી અર્થતંત્રમાં કેટલાક રોકડ ફેરફાર થયા છે. અર્થતંત્રમાં રોકડમાં વધારો થયો છે. સાથે સાથે ૧.૬ લાખ એટીએમ નેટવર્કને અસર થઈ છે. તેનો ઉપયોગ ઘટી રહ્યો છે. વોલ્યુમમાં કોઈ પણ ઘટાડાની સીદી્ સર હવે એટીએમ નેટવર્કમાં રોકાણ પર થશે. મશીનની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે પરંતુ તેનો ઉપયોગ કરનાર લોકોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આરબીઆઈ દ્વારા હાલમાં જ થર્ડ પાર્ટી બેંક એટીએમના ફ્રી ટ્રાન્ઝેક્શની સંખ્યા ઘટાડી દેવામાં આવી હતી. આને નવેમ્બર માસથી અમલી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બેંકો દ્વારા આની સામે વિરોધ કરવામાં આવ્યો હતો. આજના સમયમાં તમામ રોકડ ઉપાડ પૈકી ત્રીજા ભાગના ઉપાડ થર્ડ પાર્ટી એટીએમ દ્વારા કરવામાં આવે છે. અન્ય બેંકોના એટીએમ પરથી અમર્યાદિત ઉપાડની યોજના રજૂ કરવામાં આવ્યા બાદ ગ્રાહકોમાં એટીએમનો ઉપયોગ વધી ગયો હતો.

### ગુજરાતનું ગૌરવ-રાણકી વાવ (પાના નં. ૪ નું ચાલુ)

પ્રવાસન નિગમે કાફેટેરીયાની સુવિધા ઊભી કરી છે. અમર સાહિત્યકાર કનૈયાલાલ એમ. મુનશીની નવલકથા પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, રાજાધિરાજ અને જય સોમનાથ વગેરેની પશ્ચાદ્ ભૂમિકામાં પાટણ જ છે! જૈન આચાર્ય હેમચંદ્રાચાર્યનો જન્મ પણ પાટણમાં જ થયો હતો ને! જે ધરતી આવી અનેક ગૌરવશાળી બાબતોની સાક્ષી છે. જે ગુજરાતનાં મધ્યવર્તી કેન્દ્ર જેવા સ્થળે છે અને જેની ભવ્યતાની તવારીખ શેર લોહી ચડાવનારી તેવા પાટણે જઈને રાણકીવાવ તો દરેક જણે જોવી રહી!

ગુજરાતના તત્કાલીન મુખ્યકાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનના પ્રયાસોથી ગુજરાતના પ્રવાસન સ્થળોનાં પ્રચાર - પ્રસાર અર્થેના 'ખુશ્બુ ગુજરાત કી' અંતર્ગત ભારતનાં સુપ્રસિદ્ધ અભિનેતા અમિતાભ બચ્ચને પાટણની કલા સમૃદ્ધિને ઉજાગર કરતાં સમગ્ર વિશ્વને તેની નોંધ લેવાની ફરજ પડી. અને વિશ્વ વિરાસત (WORLD HERITAGE) માં તે સ્થાન પામી છે જે સમગ્ર પાટણવાસીઓ અને ગુજરાતને ગૌરવ અપાવતી ઐતિહાસિક ઘટના છે. જેના કારણે પાટણ વિશ્વસ્તરે ગુંજતુ થશે. ગુજરાત અને પાટણની આન, બાન અને શાનનાં પ્રતીક સમી પાટણની રાણકીવાવને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મળતાં ગુજરાતનાં પ્રવાસન ઉદ્યોગને એક નવતર દિશા સાંપડી છે. વટથી એક એક ગુજરાતી ગાઈ રહ્યો છે.

"જય જય ગરવી ગુજરાત...."

## પાકિસ્તાન વિરુદ્ધની વનડે શ્રેણીમા ક્લાર્ક રમશે નહી

સિડની,તા. ૧૮

પાકિસ્તાન સામે રમાનારી વનડે શ્રેણી માટે ઓસ્ટ્રેલિયન ટીમમાં કેપ્ટન માઈકલ ક્લાર્કનો સમાવેશ કરવામાં આવ્યો નથી. તે હાલમાં ઈજાગ્રસ્ત છે. જો કે તેની ઈજાવધારે ગંભીર નહી હોવાનો દાવો આજે અખબારોએ કર્યો હતો. જેથી ઓસ્ટ્રેલિયન છાવણીને રાહત થઈ છે.ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. પાકિસ્તાન સામે આગામી મહિનામાં વનડે શ્રેણી રમાનાર છે. આજે સવારે ટીમની જાહેરાત કરવામાં આવી હતી. ક્લાર્કને હાલમાં ઈજા થઈ છે. તે સ્વદેશ ફરત ફર્યો છે. ઝિમ્બાબ્વનો પ્રવાસ ક્લાર્કને ટુંકાવી દેવાની ફરજ પડી છે. પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ વન ડે મેચોની શ્રેણીની પ્રથમ મેચ હવે રમાનાર છે. આગામી વર્ષે વર્લ્ડ કપ યોજતા પહેલા ઓસ્ટ્રેલિયા માટે પાકિસ્તાન સામેની વન ડે શ્રેણી છેલ્લી શ્રેણી રહેશે. સાતમી ઓક્ટોબરથી વન ડે શ્રેણીની શરૂઆત થશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આશા વ્યક્ત કરી છે કે ક્લાર્ક ટેસ્ટ મેચ પહેલા ફિટ થઈ જશે. વર્ષ ૨૦૦૯માં લાહોર ખાતે શ્રીલંકન ટીમને ટાર્ગેટ બનાવીને ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદથી પાકિસ્તાનને યુએઈ જેવા તટસ્થ સ્થળ પર તમામ મેચો રમવાની ફરજ પડી રહી છે. માઈકલ ક્લાર્કને ઈજા થતા ઓસ્ટ્રેલિયાને મોટો ફટકો પડ્યો છે. પાકિસ્તાન સામે એકમાત્ર ટવેન્ટી મેચ પણ રમાનાર છે. ત્યાર બાદજ સાતમી ઓક્ટોબરે પ્રથમ, ૧૦મી ઓક્ટોબરે બીજી અને ૧૨મી ઓક્ટોબરે ત્રીજી વનડે મેચ રમાનાર છે. પાકિસ્તાનમાં રમાવ માટે હાલમાં કોઈ ટીમ ત્યાર થઈ રહી નથી જેથી પાકિસ્તાનમાં રમાનારી તમામ મેચો હાલમાં તટસ્થ સ્થળે રમાય છે.

## ચીનની સ્ટાર ખેલાડી લિ ના આજે નિવૃત્ત થઈ જશે

બેઈજીંગ,તા. ૧૮

ચીનની સ્ટાર ટેનિસ ખેલાડી લિ ના નિવૃત્તિ લેવા જઈ રહી છે. એશિયાની સૌથી સફળ ખેલાડી તરીકે તેની ગણતરી કરવામાં આવે છે. આવતીકાલે તે નિવૃત્તિ લે તેવી શક્યતા દેખાઈ રહી છે. ૩૨ વર્ષીય લિ ના ઈજાના કારણે પરેશાન થયેલ છે. સૂત્રોનું કહેવું છે કે, ૧૯મી સપ્ટેમ્બરના દિવસે લિ ના નિવૃત્તિની જાહેરાત કરી શકે છે. શારિરિક સ્થિતિ હવે આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લે તેવી રહી નથી તેમ લોકો કહી રહ્યા છે. બ્રોડકાસ્ટરોનું કહેવું છે કે તેઓ હાલમાં આ સંદર્ભમાં વધુ વિગત આપશે નહીં પરંતુ નિવૃત્તિની જાહેરાત થયા બાદ જ સોર્સ અને અન્ય માહિતી ઉપલબ્ધ કરાવશે.